ગાંધીનગર સમાચાર
ઉત્તર ગુજરાત
સાબરકાંઠા - અરવલ્લી
તા. ૧-૧૨-૨૦૨૧, બુધવાર


# અરવલ્લી જિલ્લા સેવાસદનમાં ભ્રષ્ટાચારનો ઉધઈની જેમ ભરડો

### એ.સી.બી.ની ટ્રેપથી બચવા વચેટીયાઓની મદદ ખુલી : ટાઉન પ્લાનિંગ ઓફીસર લાંચમાં ઝડપાયાના ૧ વર્ષ પછી કોઈ ટ્રેપ થઈ નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

અરવલ્લી જિલ્લા સેવા સદનમાં ભ્રષ્ટાચારે ઉધઈની જેમ ભરડો લીધો છે. ૧ વર્ષ અગાઉ જિલ્લા સેવા સદનમાં ટાઉન પ્લાનિંગ ઓફીસર રૂા.૨૦૦૦ની લાંચ લેતાં ઝડપાઈ ગયા પછી સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચારને શિષ્ટાચાર માનનારા લાંચીયા અધિકારીઓમાં ફફડાટ વ્યાપી હતો પરંતુ ૧ વર્ષ પછી કોઈ ટ્રેપ થઈ નથી. પરંતુ બહુમાળી ભવનમાં ધવલ જેવા અનેક ભ્રષ્ટાચારીઓએ ભ્રષ્ટાચારની તમામ સીમાઓને પાર કરી હોવા છતાં કેમ યોગ્ય કાર્યવાહી થતી નથી..?? તેવા અરજદારો સવાલ કરી રહ્યા છે. ગત વર્ષે લાંચીયો અધિકારી પકડાયા પછી સરકાર ભ્રષ્ટાચાર મુક્ત અને પારદર્શક વહીવટની વાતો કરી રહી છે ત્યારે જિલ્લા સેવા સદનની મોટાભાગની કચેરીઓમાં પ્રજાએ સામાન્ય કામ કઢાવવું હોય તો પણ અધિકારીઓનાં ખિસ્સાં ભરવાં પડતાં હોવાની ફરિયાદોને વધુ એક સમર્થન મળ્યું છે. જિલ્લા સેવા સદનમાં લાંચના રવાડે ચઢેલા અધિકારીઓને લાંચ સ્વીકારતાં છટકામાં ફસાઈ ન જવાય તે માટે ખાસ વચેટીયાઓ મારફતે નેટવર્ક ગોઠવ્યાનું પણ સંભળાઈ રહ્યું છે.

સાબરકાંઠા જિલ્લામાંથી અલગ અરવલ્લી જિલ્લાની રચના થયા પછી મોટાભાગની સરકારી કચેરીઓ કાર્યરત થતાં અરજદારોના કામ ત્વરીત ઝડપથી થઈ જશે તેવું માનવામાં આવતું હતું પરંતુ ઉલ્ટાનું પ્રજાનાં કામ ટલ્લે ચઢાવી અધિકારીઓ ખિસ્સાં ભરવામાં પાવરધા બની ગયા છે. જિલ્લાનો વિકાસ થયો નથી તેટલો ભ્રષ્ટ અધિકારીઓનો વિકાસ થયો હોય તેવું જણાઈ રહ્યું છે. સામાન્ય કામમાં પણ કોઈનાય ડર વગર પૈસાની માંગણીઓ થઈ છે છતાં જિલ્લા સેવા સદનમાં કેટલીક કચેરીઓ માત્ર ભ્રષ્ટાચાર માટે જ ખૂલી હોય તેવી સ્થિતિ છે. નવનિયુક્ત કલેક્ટર ડૉ.નરેન્દ્રકુમાર મીનાના આગમન પછી વચેટીયાઓ જવલ્લે જોવા મળી રહ્યા છે. પરંતુ યોગ્ય તકેદારી રાખવામાં આવે તો કેમ્પસની બહાર જ અરજદારોને ખંખેરવા માટે ચાલતી સાજીશનો પર્દાફાશ થઈ શકે છે.

## ગ્રામ પંચાયતનો ચૂંટણી જંગ : સાબરકાંઠા-અરવલ્લીમાં પ્રથમ દિવસે ૭ ઉમેદવારી પત્ર ભરાયાં

### સરપંચ પદ માટે ૩, વોર્ડ માટે ૪ ઉમેદવારી પત્ર રજુ થયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની ગ્રામ પંચાયતનો ચુંટણીજંગ શરૂ થયો છે. સોમવારે ચુંટણી અંગેનું જાહેરનામું અમલી બન્યા પછી પ્રથમ દિવસે કુલ-૭ ઉમેદવારીપત્ર ભરાયા છે જેમાં સરપંચ પદ માટે ૩ અને વોર્ડ માટે ૪ ઉમેદવારોએ ઝંપલાવ્યું છે. આગામી ૨ દિવસમાં ઉમેદવારોનો રાફળો ફાટે તેવી સંભાવના છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લાની ૫૫૮ ગ્રામ પંચાયતોની ચુંટણી જાહેર થતાં ગામડાંઓમાં રાજકીય વાતાવરણ ગરમાવાની સાથે ગ્રામ્ય સબંધો ડહોળાવાની શરુઆત થઈ છે. અનેક ગામડાઓમાં ઉમેદવારી નોંધાય તે અગાઉ આક્ષેપ-પ્રતિઆક્ષેપનો દોર શરૂ થયો છે. ચુંટણી આવતાં અનેક પરીવારો પોતાના સંતાનો દારૂના રવાડે ચડી ન જાય તેની ચિંતા કરી રહ્યા છે. ચુંટણીઓના કારણે અનેક પરીવારો બરબાદ થયા છે. ચુંટણી આવતા દારૂની રેલમછેલ શરૂ થઈ છે. તા.૨૯ નવેમ્બરથી ઉમેદવારીપત્ર ભરવાની શરૂઆત થઈ જેમાં સાબરકાંઠામાં સરપંચ પદ માટે ૨, વોર્ડ સભ્ય માટે ૧, અરવલ્લીમાં સરપંચપદ માટે ૧ અને વોર્ડ માટે ૩ ઉમેદવારી પત્ર રજુ થયાનું ચુંટણી વિભાગના સુત્રો જણાવ્યું છે.

## કોરોનાનો હાઉ : ઉત્તર ગુજરાતમાં કોરોનાના કારણે ૨૧ મહિના પછી પણ પ્રજાના માનસપટ ઉપર તણાવ, ગુસ્સો હાવિ

### ૪૪ ટકા લોકો તણાવ હેઠળ, ૩૯ ટકા ગુસ્સાથી પીડીત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

ઉત્તર ગુજરાતમાં કોરોનાના કારણે ૨૧ મહિના પછી પણ કોરોનાનો હાઉ પ્રજામાંથી દૂર થતો નથી. જેમને સ્વજનો ગુમાવ્યા છે તેવા હજારો પરિવારો આજે પણ તણાવ હેઠળ શુષ્ક જીંદગી જીવી રહ્યા છે. ખાનગી સર્વેમાં જણાવ્યા અનુસાર ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં ડીઝીટલ સર્વે તારણ કરવામાં આવ્યું જેમાં પ્રજાના માનસપટ ઉપર તણાવ અને ગુસ્સો હાવિ થયાનું બહાર આવ્યું છે. જેમાં ૪૪ ટકા લોકો તણાવ અને ૩૯ ટકા લોકો ગુસ્સાથી પીડીત હોવાનું જણાઈ આવ્યું છે. સરકાર કોરોનાથી બચવા માટે રોજ ગાઈડલાઈનો બહાર પાડે છે પરંતુ સોશ્યલ મીડીયામાં કોરોનાનો ખોફ કોઈને કોઈ પ્રકારે જોવા મળતો હોય છે જેના કારણે પ્રજામાં છૂપો ડર પેસી ગયો છે.

વૈશ્વિક મહામારીએ જન્મ અને મૃત્યુની પરંપરાગત પ્રણાલિકાઓમાં આમૂલ બદલાવ લાવી દીધો છે. જીવનમાં કષ્ટો અને કોઈ કુદરતી આફત ઉતરી આવે ત્યારે કાળા માથાનો માનવી દેવના શરણે દોડી જતો હોય છે પરંતુ કાળમૂખા કોરોનાએ તો દેવમંદિરોના દ્વાર પણ ૬ થી ૮ મહિના સુધી બંધ કરાવી દીધાં હતાં. હવે છેલ્લા ૫ મહિનાથી જનજીવન રાબેતા મુજબ થયું છે પરંતુ ઉત્તર ગુજરાતના લાખો લોકો કોરોનાના કારણે સ્વજન ગુમાવવું, રોજગારી ગુમાવવી જેવા અનેક કારણોથી તણાવ હેઠળ જીવી રહ્યા છે તેવા લોકોની સંખ્યા ૪૪ ટકા હોવાનું તારણ છે. જ્યારે ગુસ્સાથી પીડીત લોકોની સંખ્યા ૩૯ ટકા હોવાનું તારણ નિકળી રહ્યું છે. લગ્નસરાની સીઝન પૂરબહાર ખીલી છે ત્યારે તણાવ હેઠળ રહેતા લોકોમાં ઘણો મોટો સુધાર આગામી ૨ મહિના દરમ્યાન જોવા મળી શકે છે.

## શિયાળુ વાવેતરમાં ભેલાણ કરતી નિલગાય, ભૂંડથી ખેડૂતો પરેશાન

### જિલ્લામાં મહામૂલા પાકને બચાવવા ખેતરોમાં ૨૪ કલાક ખેડૂતોના ધામા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકાઓમાં વર્તમાન રવી સીઝનમાં ખેડૂતોએ ૧,૫૧,૦૦૦ હેક્ટર જમીનમાં વિવિધ રવી પાકનું વાવેતર સંપન્ન કર્યું છે પરંતુ ખેતરોમાં નિલગાય અને ભૂંડનાં ટોળાંથી ભેલાણ વધી જતાં ખેડૂતો પરેશાન કરી ગયા છે. બંન્ને જિલ્લામાં ખેડૂતોએ કાળી મજૂરી કરી ખેતરોમાં વાવેતર કર્યું છે. પરંતુ ભેલાણથી મોટું નુક્સાન પહોંચતાં મહામૂલા પાકને બચાવવા માટે ખેડૂતોને ખેતરમાં જ ધામા નાખવાની ફરજ પડી છે.



જિલ્લામાં ફુલ ગુલાબી ઠંડીનો ચમકારો અનુભવાતાં રવી સીઝનમાં ખેડૂતોએ ઘઉં, રાયડો, રાજગરો, તમાકુ, ચણા, વરીયાળી, ઈસબગુલ, શાકભાજી અને ઘાસચારાનું વાવેતર કર્યું છે. પરંતુ ખેતરોમાં નિલગાય તેમજ ભૂંડનો ઉપદ્રવ અનેકગણો વધ્યો છે જેના કારણે મહેનત મજૂરી કરી વાવેતર કરેલા પાકનો ભેલાણથી સફાયો થઈ રહ્યો છે.

છેલ્લા કેટલાય સમયથી ખેડૂતો ખેતીની દરેક સીઝનમાં ભેલાણથી પરેશાન બની ગયા છે ત્યાં હવે વર્તમાન નવી સીઝનમાં માંડમાંડ વાવેતર શરૂ કરવામાં આવ્યું છે ત્યાં રાત પડે નિલગાય અને ભૂંડનાં ટોળાં ખેતરોમાં ઉતરી પડી ઉભા વાવેતરનો ખુડદો બોલાવી રહ્યાં છે. દિવસ અને રાત ખેતરમાં ભેલાણ થતું હોવાથી ખેડૂતોને ન છૂટકે ૨૪ કલાકનો સમય ખેતરમાં જ વિતાવવાનો વારો આવ્યો છે. ખાસ કરીને રાત્રિના સમયે ખેતરમાં ખેડૂતની હાજરી ન જણાય તો નિલગાયો ખેતરો સફાચટ કરી નાખે છે તેમજ કેટલાક વિસ્તારોમાં તો જંગલી ભૂંડનો ઉપદ્રવ વધી જતાં ખેડૂતોની ઉંઘ હરામ થઈ છે. રવી સીઝનના આરંભે તમામ વિસ્તારોમાં ભેલાણ કરતાં નિલગાય અને ભૂંડનાં ટોળાંના કારણે વાવેતર બચાવવા માટે ખેડૂતો ખેતરમાં જ રાતવાસો કરી રહ્યા છે.

## સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં શાકભાજીના ભાવ ગગડતાં ગૃહીણીઓને ફાયદો પણ ખેડૂતો બેહાલ

### ખેડૂતોનો વાવેતરનો ખર્ચો પણ ન નિકળે તેવી સ્થિતિ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં શાકભાજીના ભાવ આસમાને પહોંચતાં ગૃહીણીઓમાં



હોબાળો મચી ગયો હતો. શાકના ઉંચા ભાવ સાંભળીને ખરીદીમાં કાપ મૂકવો પડે તેવી સ્થિતિ ઉભી થઈ હતી પરંતુ હવે શિયાળામાં તમામ પ્રકારના લીલા શાકભાજીની આવક વધતાં ભાવ ગગડ્યા છે. જો કે ઓછા ભાવથી ગૃહીણીઓને ફાયદો થયો છે પરંતુ શાકભાજીનું વાવેતર કરનારા ખેડૂતો બેહાલ બની ગયા છે. જિલ્લામાં શાકભાજીનો સરેરાશ ભાવ કીલો દીઠ ભાવ રૂા.૧૦ થી લઈ ૩૦ સુધી પહોંચી જતાં ખેડૂતોને વાવેતરનો ખર્ચો પણ સરભર ન થાય તેવી સ્થિતિ પેદા થઈ છે.

ધાન્ય પાકનું વાવેતર કરનારા ખેડૂતોને સીઝનમાં પોષણક્ષમ ભાવ મળતા ન હોવાથી જિલ્લાના કેટલાક ખેડૂતો બાગાયતી ખેતી તરફ વળ્યા છે તેમાંય કેટલાક ખેડૂતોએ તો વર્ષોથી શાકભાજીની ખેતીમાં મન પરોવી દીધું છે. પરંતુ ખેડૂત ન કમાય તેના કરતાં વધુ શાકભાજીના હોલસેલ વેપારીઓ કમાઈ લેતા હોય છે. આ વખતે અતિવૃષ્ટીના કારણે ચોમાસા દરમ્યાન બાગાયતી પાકોને માઠું નુક્સાન પહોંચ્યું હતું જેથી શિયાળાની શરૂઆતમાં ઉત્પાદન ઓછું અને માંગ વધુ રહેતાં ભાવ આસમાનને આંબી ગયા હતા. શાકભાજીના ભાવમાં ચાર ગણો વધારો થતાં ભોજનની થાળીમાંથી લીલીશાકભાજી અદ્રશ્ય થવા લાગી હતી પરંતુ શિયાળાની જમાવટ સાથે કોબિઝ, વટાણા, ફુલાવર, રીંગણ, વાલોર, ગીલોડાં, દૂધી સહિતના શાકભાજીની ભરપૂર આવક બજારમાં થવા લાગતાં આપોઆપ ભાવ નીચા આવ્યા છે જેમાં ગૃહીણીઓને ઉંચા ભાવથી રાહત તો થઈ પરંતુ સામે ખેડૂતોને આર્થિક નુક્સાન જવાની સંભાવના વધી છે. શાકભાજીના ભાવ તળીયે જતાં કેટલાક ખેડૂતોએ તો વાહનોમાં શાકભાજી ભરી ગામે ગામ વેચાણ શરૂ કર્યું છે.

## શામળાજી સરહદેથી વિદેશી દારૂ ઘુસાડવાની ગતિવિધિઓમાં વધારો

### પોલીસ તંત્રમાં ફેરફાર પછી પણ બુટલેગરોને બખ્ખાં, થર્ટી ફર્સ્ટ ડિસેમ્બર પૂર્વે દારૂની હેરાફેરી તેજ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

રાજ્યનું પ્રવેશદ્વાર ગણાતી અરવલ્લીની શામળાજી સરહદ ઉપર હમણાંથી વિદેશી દારૂ ઘુસાડવાની ગતિવિધિઓમાં વધારો થયો છે. જિલ્લા પોલીસ વડાએ વિદેશી દારૂની હેરાફેરીમાં સંડોવાયેલા પોલીસ કર્મીઓ સામે પગલાં ભરવાની સાથે ઉચ્ચ કક્ષાએથી પંકાયેલા કર્મચારીઓની જિલ્લાફેર બદલી પછી પણ દારૂની હેરાફેરીમાં રોક આવી હોય તેવું ક્યાંય દેખાતું નથી. થર્ટી ફર્સ્ટ ડિસેમ્બર પૂર્વે સરહદી રાજસ્થાનમાંથી વિદેશી દારૂ ઘુસાડવાની પેરવી તેજ બની છે. સરહદે પોલીસની નાકાબંધીમાં દારૂ સાથે જે વાહનો પકડાય છે તેના કરતાં ૪ ગણી કિંમતનો વિદેશી દારૂ રાજયના ખૂણે ખૂણે પહોંચતો હોવાના આક્ષેપ શરૂ થયા છે.

વર્ષોથી શામળાજીની રતનપુર સરહદ વિદેશી દારૂના બુટલેગરો માટે સ્વર્ગ સમાન સાબિત થઈ રહી છે. વિદેશી દારૂ તો ઠીક પરંતુ ચરસ, ગાંજા સહિતના ડ્રગ્સની હેરાફેરીનું રેકેટ પણ સરહદેથી ચલાવાતું હોવાથી અગાઉ લાખોની કિંમતના માદક પદાર્થનો જથ્થો નાર્કોટીક્સ બ્યુરો કંટ્રોલના અધિકારીઓએ ઝડપી પાડ્યો છે. રાજસ્થાન અને હરિયાણાના કુખ્યાત બુટલેગરો સરહદે નેટવર્ક ઉભું કરવામાં વર્ષોથી સફળ રહ્યા છે જેના કારણે રોજ લાખો-કરોડો રૂપિયાની કિંમતનો વિદેશી દારૂ રાજયભરમાં પહોંચાડવા માટે શામળાજી સરહદ અત્યંત સલામત માનવામાં આવી રહી છે. અગાઉ શામળાજી પોલીસે દારૂ ભરેલું વાહન જપ્ત કર્યા પછી તેમાંથી વિદેશી દારૂનો જથ્થો પગ કરી ગયાની ઘટનાએ પોલીસ તંત્રને હચમચાવી નાખ્યું હતું. જ્યારે જિલ્લાના કેટલાક પોલીસ કર્મીઓ પણ વિદેશી દારૂની હેરાફેરી કરનારા બુટલેગરો સાથે ઘનિષ્ઠ સબંધો ધરાવતા હોવાનું જણાતાં પોલીસ વડા દ્વારા ગત વર્ષે બે પોલીસ કર્મીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. જિલ્લામાં દારૂની બદી શોધતી એલ.સી.બી.ના અધિકારી જ દારૂ સંતાડવાના કેસમાં ફરાર થઈ ગયા હતા તેના ઉપરથી જ પોલીસે દારૂનો વેપલો અને સંતાડવાનું શરૂ કરતાં પ્રજાનો ખાખી વર્દી ઉપરનો વિશ્વાસ ડગમગ્યો છે. ઉલ્ટાનું શામળાજી સરહદેથી થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરને લઈ વિદેશી દારૂ ઘુસાડવાના પ્રયાસોમાં ઉછાળો આવ્યો છે.

## ચિંતા વધી : જિલ્લામાં કૂતરાંના મોતનું પ્રમાણ વધ્યું, સપ્તાહમાં ૧૦૦થી વધુ મોત

### ગંભીર રોગચાળો પ્રસર્યાની દહેશત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં છેલ્લા એક સપ્તાહમાં ૧૦૦ થી વધુ કૂતરાં અને ગલૂડીયાંના મોતથી ચિંતા વધી રહી છે. કૂતરાંમાં ગંભીર રોગચાળો પ્રસર્યાની આશંકા સેવાય છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં અગાઉ મૂંગા પશુઓમાં રોગચાળો પ્રસર્યો હતો પરંતુ પશુપાલન વિભાગની યોગ્ય તકેદારીના કારણે રોગચાળા ઉપર કાબૂ મેળવી લેવાની સાથે યોગ્ય ઉચિત પગલાં ભરવામાં આવ્યા હતા. જિલ્લામાં મૂંગા પશુઓમાં ખાસ કરીને રખડતાં કૂતરાંમાં કોઈ ગંભીર રોગચાળો પ્રસર્યો હોય તે રીતે ટપોટપ કૂતરાં મોતને ભેટી રહ્યા છે. અગાઉના વર્ષોમાં મૂંગા પશુઓમાં ડેન્ગ્યુનો રોગચાળો વકર્યા પછી મોત નિપજ્યાની ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી હતી અને હવે ધીરે-ધીરે કૂતરાંનાં ટપોટપ મોત નિપજી રહ્યા છે તે જોતાં કૂતરાંમાં કોરોનાનો રોગચાળો પ્રસર્યો નહિ હોય ને તેવી આશંકા સેવાય છે. આમ તો રખડતાં કૂતરાં રાત્રિના ચોકીદાર તરીકે ઓળખાય છે પરંતુ છેલ્લા કેટલાંક સમયથી કૂતરાંને પોતાના અસ્તિત્વ માટે પણ પડકાર ઉભો થયો છે. જેથી ખોરાકની શોધમાં વધુ ભટકતાં હોય છે અને તેઓ કોરોનાથી સંક્રમિત થયા પછી અન્ય કૂતરાંમાં પણ રોગચાળો વકર્યો હોવાની પ્રબળ આશંકા છે. જિલ્લાના બાયડ, ધનસુરા, મોડાસા, હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા સહિતના વિસ્તારોમાં કૂતરાંના મોતનું પ્રમાણ વધુ હોવાનું જાણવા મળ્યું છે.

## રાજેન્દ્રનગર હાઈવેની પોલીસ ચોકી શોભાના ગાંઠીયારૂપ

### પોલીસ ખૂરશીમાં ચીટકી રહેતાં વાહન ચાલકો બેફામ, પોલીસની નજર સામે જીવલેણ અકસ્માત યથાવત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

હિંમતનગર-શામળાજી ફોરલેન હાઈવે ઉપર બેફામ દોડતા વાહનોથી માર્ગ અકસ્માતો વધી જતાં અરવલ્લી જિલ્લા પોલીસ તંત્ર દ્વારા હાઈવે ઉપર પોલીસ ચોકી કાર્યરત કરવામાં આવી છે પરંતુ ફરજ પરના પોલીસ કર્મીઓ ખુરશીમાં જ ચીટકી રહેતા હોવાથી વાહન ચાલકો બેફામ બની રહ્યા છે. ગતિમર્યાદા અવરોધવા માટે બમ્પ બનાવ્યા હોવા છતાં પૂરપાટ ઝડપે દોડતા વાહનોના પૈડાં નીચે નિર્દોષ માનવ જીંદગીઓનો ભોગ લેવાતો હોવાથી હાઈવેની પોલીસ ચોકી શોભાના ગાંઠીયારૂપ બન્યાના આક્ષેપ શરૂ થયા છે.

ફોરલેન નેશનલ હાઈવેને સિક્સ લેનમાં પરીવર્તિત કરવા માટેનું કામ મોટા ઉપાડે શરૂ કરાયા પછી હિંમતનગર થી શામળાજી સુધીના માર્ગ ઉપર વારંવાર વાહનો ખોટકાઈ પડતાં કામગીરીને અસર થઈ રહી છે. ઢંગધડા વગરના ડાયવર્ઝન આપી જવાબદાર તંત્રએ કામનો સંતોષ માની લેતાં અકસ્માતોની હારમાળા યથાવત રહી છે.

હિંમતનગર-શામળાજી નેશનલ હાઈવે ઉપર રાજેન્દ્રનગર ચોકડી અકસ્માત ઝોન બની ગઈ હોવાથી અરવલ્લી પોલીસ દ્વારા મોડાસા તરફના માર્ગે પોલીસ ચોકી કાર્યરત કરવામાં આવતાં ગતિમર્યાદા બહાર દોડતાં વાહનો ઉપર અંકુશ આવશે તેવું માનવામાં આવતું હતું પરંતુ ફરજ પર મૂકાતા પોલીસ કર્મચારીઓ દિવસો ખુરશીમાં ચીટકી રહેતા હોય છે.

## અરવલ્લીમાં ચૂંટણીને લઈને મોટી સંખ્યામાં એકઠા થતાં સમર્થકો કાર્યકરો, ટેકેદારો પર જિલ્લા કલેકટરે પ્રતિબંધ મુક્યો

### જિલ્લામાં ચારથી વધુની સંખ્યામાં ચુંટણી અધિકારી/નિર્દિષ્ટ મદદનીશ ચુંટણી અધિકારીની કચેરીમાં પ્રવેશ કરી શકશે નહિ

બાયડ તા.૩૦

ગુજરાત રાજ્ય ચુંટણી આયોગ ધ્વારા ગ્રામ પંચાયત ચુંટણી ડીસેમ્બર-૨૦૨૧નો ચુંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ અરવલ્લી જિલ્લાની કુલ-૨૩૧ ગ્રામ પંચાયતો પર ચુંટણી યોજાનાર છે અને તે ગ્રામ પંચાયત ચુંટણી મતદાન તા.૧૯ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ સવારના ૦૭.૦૦ વાગ્યાથી સાંજના ૦૬.૦૦૦ કલાક સુધી યોજાનાર છે, તેમજ જો પુનઃ મતદાન યોજવાનું થાય તો તેની તા.૨૦ ડિસેમ્બર ૨૦૨૧ તથા મતગણતરી તા.૨૧ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ હાથ ધરાશે. ઉમેદવારી પત્ર રજુ કરવાના સમયે ગ્રામ પંચાયતની ચુંટણીના ઉમેદવારો, તથા મોટી સંખ્યામાં કાર્યકરો, ટેકેદારો અને સમર્થકો સાથે ઢોલ નગારા અને વાહનોની મોટી સંખ્યા લઈ ચુંટણી અધિકારી/મદદનીશ ચુંટણી અધિકારી સમક્ષ ઉમેદવારી પત્ર રજુ કરવા આવે છે, જેના કારણે ચુંટણી અધિકારી /મદદનીશ ચુંટણી અધિકારીની કચેરીમાં ઉભી થતી અવ્યવસ્થા અને ઓવર કાઉડીંગની પરિસ્થિતિ નિવારવાની જરૂરી જણાય છે. આથી અરવલ્લી જીલ્લા કલેકટરશ્રી ડૉ. નરેન્દ્રકુમાર મીનાને ફોજદારી અધિનિયમ,૧૯૭૩ની કલમ-૧૪૪ થી મળેલી સત્તાની રૂએ નીચે મુજબના હુકમો જાહેર કર્યા.

(૧) ઉમેદવારી પત્રો રજુ કરવા માટે ચુંટણી અધિકારી/નિર્દીષ્ટ મદદનીશ ચુંટણી અધિકારીની ચેમ્બરમાં ઉમેદવાર અથવા તેના દરખાસ્ત કરનાર તથા અન્ય ચાર મળી પાંચ વ્યક્તિઓ જ પ્રવેશી શકશે. માન્યતા પ્રાપ્ત સિવાયના ઉમેદવારોન દરખાસ્ત કરનારાની સંખ્યા વધુ હોય તેઓના કિસ્સામાં પણ પ્રથમ તબક્કે ઉમેદવાર/દરખાસ્ત કરનાર તથા અન્ય ચાર અને ત્યાર બાદ જરૂર જણાય તો પ્રથમ ગયેલ ચાર વ્યક્તિઓ ચુંટણી અધિકારીની ચેમ્બરમાંથી બહાર નિકળી જાય તે પછી બાકીના ચાર અને તે જ રીતે બાકીના વ્યક્તિઓ ચુંટણી અધિકારીની ચેમ્બરમાં પ્રવેશી શકશે. આમ કોઈ પણ સુચિત ઉમેદવારે તેમના ટેકેદારો, દરખાસ્ત કરનારાઓ કે સમર્થકો સાથે ચારથી વધુ સંખ્યામાં ચુંટણી અધિકારી/નિર્દિષ્ટ મદદનીશ ચુંટણી અધિકારીની કચેરીમાં પ્રવેશ કરવો નહી.

(૨) ઉમેદવારી પત્ર રજુ કરવા આવતા સમયે ચુંટણી અધિકારી કે નિર્દિષ્ટ મદદનીશ ચુંટણી અધિકારીની કચેરી આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં વધુમાં વધુ ત્રણ વાહનો સાથે પ્રવેશી શકશે. ત્રણથી વધુ વાહનો સાથે કચેરીના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈએ પ્રવેશવું નહી.

(૩) ઉપર મુજબની સુચનાઓનો અમલ ઉમેદવારે જ્યારે તેઓનું ઉમેદવારી પત્ર લેવા આવે ત્યારે પણ કરવાનો રહેશે તથા ઉપર્યુક્ત કામે ઉપયોગમા લેવાયેલા વાહનોનો ખર્ચ ઉમેદવારના ખર્ચમાં ઉધારવાનો રહેશે. સબંધિત ચુંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીએ ઉમેદવારી પત્ર લેવા આવનાર વ્યક્તિને આ હુકમની નકલ પુરી પાડવી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સહીતી,૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે. આ જાહેરનામું હુકમથી તા. ૨૫ ડિસેમ્બર ૨૦૨૧ સુધી અમલમાં રહેશે